# ૧૦.૧ પર્વ કોને કહેવાય? તેના નીતિ નિયમો.

## પર્યુષણા મહાપર્વ

મુંબઈ મહાલક્ષ્મીમાં શનિવાર આવે ને રેસનો ઘોડો દોડવા તૈયાર થઈ જાય,

ચૂંટણીની તારીખો નક્કી થાય એટલે નેતાઓ પોતાને ચૂંટાવવા બધી રીતે તૈયાર થઈ જાય,

કંઈક આવું જ પર્યુષણા પર્વનું નામ પડે ને સમગ્ર જૈન સમાજ આરાધના-સાધના પર્વને સમજવા તૈયાર થઈ જાય છે. આ ૮ દિવસો દરમ્યાન પરંપરાથી આવતા તપ-ત્યાગ-દાન-ક્રિયા-પૂજા-પ્રતિક્રમણ-ક્ષમાપના થકી ઉલ્લાસભેર ઉજવણી કરતા જૈનોને મોટા ભાગે આ પર્યુષણાનો મીનીંગ શું છે ? આટલું મહત્ત્વ શા માટે છે ? આરાધનાદિ શા માટે કરું છું ? અથવા આનો ભવ્ય ઈતિહાસ શું છે ? એ જાણવાનો કે વિચારવા માટેનો રસ જ નથી. ક્યાં જિજ્ઞાસા નથી કે પછી સમય જ નથી કહી આ મહાપર્વની મહામૂલી શક્તિ ઘર આંગણે મળવા છતાં, તેનાથી વંચિત રહીએ છીએ.

આજે આ પર્યુષણાને ઈતિહાસ તપાસવો છે.

દરેક ધર્મોમાં આદ્યપુરુષની જેમ ગણના થયેલ છે તેમ તેઓના ધર્મગ્રંથોની પણ ગણના થયેલ છે. હિંદુઓમાં ગીતા, બૌદ્ધોમાં ધમ્મપદ, ખ્રિસ્તિઓમાં બાઈબલ, ઈસ્લામમાં કુરાન, શીખોમાં ગુરુગ્રંથ, પારસીઓમાં અવસ્તાનું જેટલું મહત્ત્વ છે તેની કરતાં અનેકગણું મહત્ત્વ જૈનોમાં કલ્પસૂત્રઆગમ ગ્રંથનું છે. જેની નામદાર કોર્ટે પણ મહત્તા માનેલી છે.

પ્રભુ મહાવીર સ્વામી વૈ.સુ.૧૦ના કેવળજ્ઞાન પામી, ગણધરોને જે શાશ્વત સિદ્ધાંત તરીકે ત્રિપદી આપી. તેમાંથી ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી. એટલે મુખ્ય ૧૨ અંગસૂત્રોની વિશાળકાય રચના કરી. તેમાં છેલ્લા ૧૨મું અંગ જે દૃષ્ટિવાદ છે તેમાં પાંચ પેટા વિભાગ પડ્યાં છે તેમાં ૩જા વિભાગમાં ૧૪ પૂર્વની રચના થયેલી છે. તે ૧૪ પૂર્વમાં નવ(૯)મું પ્રત્યાખ્યાન પ્રવાદપૂર્વમાંથી ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીને 'દશાશ્રુતસ્કંધ'નામના છેદસૂત્રની રચના કરી. જેમાં ૧૦ અધ્યયન રહેલાં છે. તેમાં ૮મું અધ્યયન તે આ કલ્પસૂત્ર છે જેનું પ્રાકૃતમાં મૂળ નામ 'પજ્જાુસણા કપ્પો' છે પણ કલ્પસૂત્ર કે 'બારમા સૂત્ર'તરીકે સકલ શ્રી સંઘમાં પ્રસિદ્ધ થયેલ છે. આ મૂળ સૂત્રમાં ૧૨૧૫ શ્લોકો હોવાથી બારમાસૂત્ર કહેવાય છે. જેનું પર્યુસણા દરમ્યાન વિવિધ અર્થોથી, એંગલથી અને સાંપ્રત જીવનના અર્થઘટનથી પ્રતિવર્ષ ફક્ત એક જ આગમ ગ્રંથનું શ્રવણ ચતુર્વિદ સંઘ સમક્ષ થાય છે. આ ગ્રંથમાં કુલ ૨૯૧ સૂત્રો (૧૨૧૫ શ્લોકો)માં ૨૦૦ સૂત્રો ૨૪ જિનેશ્વરોના ચરિત્રના, ૨૩ સૂત્રો ભગવાન મહાવીરની કુલ શિષ્ય પરંપરા અને પ્રસિદ્ધ ગુરુ ભગવંતો (સ્થવિરાવલી)ના અને ૬૪ સૂત્રો શ્રવણ ભગવંતોના આચાર જીવન (સામાચારી)ના છે.

કલ્પસૂત્રના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામી છે. વીરનિર્વાણ સં. ૯૪માં પ્રતિષ્ઠાનપુરમાં જન્મ, વીર સં.૧૩૯માં ૪૫માં વર્ષે દીક્ષા, વીર સં. ૧૪૮માં શ્રી સ્થુલિભદ્ર વિ.ના ગુરુ શ્રી સંભૂતિ વિ.મ.સાથે આચાર્ય પદવી, અને વી.સં. ૧૫૬માં શ્રી સંભૂતિ વિ.ના કાળધર્મપલી તેઓ પદધરપદે સ્થાપિત થયાં. અને ૪ છેદસૂત્ર તથા ૧૦ આગમ ઉપર નિર્યુક્તિની રચના કરી વીર સં. ૧૭૦માં. સ્વર્ગવાસ પામ્યાં. આ છે કલ્પસૂત્ર આગમગ્રંથના કર્તાનો સંક્ષિપ્ત પરિચય. પરંતુ ભગવાન મહાવીરની પાટ પરંપરામાં આગમગ્રંથો મુખપાઠ જ ચાલ્યા આવતાં હતાં. માત્ર શ્રમણો જ તેના અધિકારી છે. પરંતુ કાર્યક્રમે મતિદોષનો પ્રભાવ વધતાં આગમગ્રંથો વિસ્તૃત થઈ જશે તો ? તેથી વિસ્તૃત થાય તે પહેલાં જ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે સર્વ આગમો-ગ્રંથો પ્રભુના નિર્વાણ પછી ૯૮૦માં વર્ષે અને વિક્રમ સં. ૫૧૦માં વલભીપુરનગરમાં સર્વપ્રથમવાર ગ્રંથાલેખન ૫૦૦ આચાર્યોના પરિવાર સાથે કરાવી લીધું જેથી પ્રભુવીરનો વચન વારસો આપણને આજે પણ મળી રહ્યો છે. જેનું સર્વશ્રેયઃ આ મહાપુરુષ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને ફાળે જાય છે.

આ પવિત્ર આગમનું શ્રવણ-પઠન સાધુઓમાં જ થતું પરંતુ વિક્રમ સં. ૫૨૩માં ગુજરાતના પાટનગર આનંદપુર(હાલ વડનગર)ના રાજવી ધ્રુવસેન હતાં. તેનો પુત્ર એકાએક સર્પદંશથી મૃત્યુ પામ્યો. કોઈ જ ઉપાય કારગત ન નીવડ્યો. રાજ પરિવારમાં શોકની કાલિમાં ફરી વળી અને તે સમયે રાજાના શોકને દૂર કરવા માટે તત્કાલીન આચાર્ય શ્રી કાલકસૂરિજી મ.સા.ને. શોકાગ્નિ દૂર કરવા વિનંતી કરી. પર્યુષણા મહાપર્વના દિવસો નજીક ન હતાં અને તેઓના શ્રીમુખે આ પર્યુષણાનું મહત્ત્વ, પ્રભાવ અને કલ્પસૂત્રનું શ્રીસંઘ સમક્ષ પ્રથમવાર જ જાહેરમાં શ્રવણ-પઠણ થયું. રાજાને ઘણી શાંતિ થઈ અને શોક દૂર થયો. પછીના વરસે ફરી આગ્રહ કરાયો કે પ્રભો ! આ સકલ ચતુર્વિધ શ્રી સંઘને આગમગ્રંથનું શ્રવણ કરાઓ ત્યારથી આ ઉજળી પરંપરા જૈનોમાં પ્રવર્તે છે.

આ કલ્પસૂત્રનો ભાવોને સમજવા માટે ગાઈડસ્વરૂપ કિરણાવલિ, સુખબોધિકા, સુબોધિકા નામે અલગ-અલગ ઘણી ટીકાઓ પછીના આચાર્ય-ગુરુ ભગવંતોએ રચી છે. પરંતુ વિક્રમ સં. ૧૬૯૬ના જેઠ સુ.૨ના દિવસે ઉપાધ્યાય શ્રી વિનયવિજય મ.સા. સુબોધિકા નામની સંસ્કૃત ટીકા રચી જેનું છેલ્લા ૩૭૦ વરસથી આ ટીકા ગ્રંથનાં આધારે જાહેરમાં પ્રવચનો પર્યુષણા દરમ્યાન થાય છે અને ગુજરાતી ભાષામાં

આ સંસ્કૃત ટીકા ઉપર વિક્રમ સં. ૧૭૦૭ના વૈશાખ સુદ ૧૦ના દિવસે અમદાવાદમાં જ શ્રી ખીમા (ક્ષમા) વિજય મ.સા.પ્રવચનો તૈયાર કરેલા છે. જેનો પ્રારંભ નગરશેઠ શ્રી હેમાભાઈ પ્રેમાભાઈની હાજરીમાં અમદાવાદના સંઘ સમક્ષ થયો હતો. જે પછી બહુધા તેના આધારે ગુજરાતીમાં પ્રવચનો થાય છે.

વર્તમાનમાં કલ્પસૂત્રનું પ્રિન્ટિંગલાઈનમાં વિદ્વતાપૂર્ણ સંપાદન જર્મન સ્કોલર રીયુ.જે.સ્ટીવન્સને પ્રિન્ટિંગ વિ.સં.૧૮૪૯માં પ્રથમવાર કર્યું અને ઈ.સ.સં.૧૮૭૯માં જર્મનીમાં આ કલ્પસૂત્ર રોમનલીપીમાં છપાઇને પ્રગટ થયું હતું. જેનો અંગ્રેજી અનુવાદ કરનાર ડો. હર્મન યાકોબી હતો અને તે ગ્રંથની પ્રસ્તાવનામાં હર્મન યાકોબીએ લખ્યું છે કે જૈન ધર્મ એ વૈદિક ધર્મ કે બૌદ્ધ ધર્મની શાખા-પ્રશાખા કશું જ નથી. પરંતુ અતિપ્રાચીન, સ્વતંત્ર ધર્મ છે. મૌલિક દર્શન છે. આ વાતને અનેક તર્કો અને ઐચિહાસિક પ્રમાણો આપીને સિદ્ધ કરી છે.

આવા મહાન ધર્મના પવિત્ર આગમગ્રંથ કલ્પસૂત્રની આછી-પાતળી જાણકારીની ઝલક છે. જીવનના ઉચ્ચ આદર્શો. તેના પ્રભાવો તેના ઉપયો, તેની ઉજળી સંભાવનાઓ શક્યતાઓને વિચાર પરિવર્તન-હૃદય પરિવર્તનથી જીવન પરિવર્તન સુધી આપણી જ્ઞાનયાત્રાને આગળ ધપાવીએ. પર્યુષણા મહાપર્વનો ઓથેન્ટિક મિનિંગ આઠ દિવસની આરાધના

છેલ્લા કેટલાંય વર્ષોથી મોંઘવારી ઉકરડાની જેમ વધી રહી છે, ધંધામાં 'ત્રણ સાંધોને તેર તૂટે' જેવી હાલત થઈ જાય છે, જવાબદારી અને ટેન્શનો આવતી કાલને વધુ વિચિત્ર બનાવતી જાફ છે. એજ્યુકેશના, હોસ્પિટલ, સંબંધોની સોશ્યલ લાઈફ માણસોને રવિવારેય જંપીને શાંતિથી બેસવા દેતી નથી. બધે જ દોડાદોડ, ભાગાભાગી, મુખ ઉપર ચિંતાનો ભાર, શરીરમાં સ્ફુર્તિનો અભાવ, ઘરમાં નાનોમોટો કકળાટ અને રોજ-રોજ પૈસાની બબાલ ચાલતી હોય છે. આમાં માણસ પોતાનું સાચું આત્મહિત કે સાચો ધર્મ કરે કેવી રીતે ? ભાવના ઘણી હોય પણ ટાઈમ કાઢવો કેવી રીતે ?

આવી નાની-મોટી કેટ કેટલીય વાસ્તવિકતામાંથી આજે સાંપ્રત સમાજ પસાર થઈ રહ્યો છે. ત્યારે માંડ ૮ દિવસ પર્યુષણાની આરાધના કરવા આવતાં વર્ગને 'ગાગરમાં સાગર'ની ઉક્તિની જેમ જાણવું હોય છે. આ સાલ જે મહાપર્વ પાધારી ચુક્યું છે. જેનો મહિમા મહાપુરુષોએ અપરંપરા ગાયો છે. જેની આરાધીને આરાધકો, આધિ-વ્યાધિ ઉપાધિથી મુક્ત થવાની ટેક્નીક મેળવી ચૂક્યાં છે અને તે ટેક્નીકને અંદર ઉતારવા દ્વારા જન્મ-મરણના ત્રિવિધ સંતાપથી મુક્ત થયાં છે. તેવા સાધકોની મેન્ટાલિટી, એટીટ્યુડ અને એડજસ્ટમેન્ટને આજે સમજવાનો પ્રયત્ન કરવો છે. જે પર્યુષણાના ઓથેન્ટિક ૮ મૌલિક અર્થોમાંથી આખી ગાઈડલાઈન મળે છે.

પર્યુષણા મહાપર્વમાં જે બારસા સૂત્ર(કલ્પસૂત્ર)નું વાંચન થાય છે. તેના રચયિતા શ્રી ભદ્રબાહુ સ્વામીજી વીરપ્રભુના નિર્વાણ પછી ૧૩૯માં વર્ષે દિક્ષા લીધી છે. ૧૪૮માં વર્ષે તેઓ આચાર્ય પદે સ્થાપિત થયા છે. પછી તેઓએ આ ગ્રંથની રચના કરી છે. તે ગ્રંથને વધુ સરળતાથી સમજવા માટે 'નિશિથચૂર્ણિ'નામના ગ્રંથની અંદર પર્યુષણા શબ્દના ૮ મૌલિક સંદેશા સ્વરૂપ અર્થો (મિનિંગ) સમજાવ્યાં છે.

'પર્યુષણા' શબ્દ આવ્યો ક્યાંથી ? અને તેનું નામ પર્યુષણા મહાપર્વ કેમ કહેવાય છે ?

'પર્યુષણા' શબ્દ એ પોતાના આત્માને, કર્મરજથી મુક્ત કરવાની સાધના પદ્ધતિ બતાવવાં અને સ્વ-સ્વરૂપને પામવા માટે 'નિશિથચૂર્ણ' આગમગ્રંથ(પુસ્તક)માંથી આવ્યો છે અને કઠીનમાં કઠીન, જે આરાધના કરે અને તે રીતે જીવન જીવતાં શીખી જાય તેનો સર્વથા પાપથી છુટકારો થાય છે. જે અન્ય પર્વો કે આરાધનાઓ કરવાથી નથી થતો તે આ ૮ દિવસમાં થતો હોવાથી 'પર્યુષણા મહાપર્વાધિરાજ' તરીકે કહેવાય છે.

ચાલો ત્યારે 'પર્યુષણા' એક જ શબ્દના (૮) આઠ અર્થ કરી જીવનના જીવવાના આઠ મિનિંગને પણ સમજી લઇએ.

(૧) પરિક સમન્તાત્ ઉષણં-વસનં = પર્યુષણઃ 'સંગઠિત થઈને જીવો' સંઘેશક્તિઃ કલૌયુગે

આજનો સમય ખુબ બારીક થતો જાય છે. ક્યાંક સલામતી નહિં, ક્યાંય સ્નેહ-સદ્‌ભાવ કે મૈત્રી નહિં, સ્નેહી-સ્વજનોથી છૂટતો જાય છે. વધુને વધુ વિભક્ત થતો અંદર-બહારથી તૂટતો જાય છે. ત્યારે-આજથી હજારો વરસ પૂર્વે મહાપુરુષ કહી ગયાં છે કે ભાઈ ! બધાની સાથે, બધાની વચ્ચે, જીવન જીવ. તેમાં પણ હિતકારી, શ્રેયઃકારી ભગવાનના શ્રી સંઘ સાથે પ્રામાણિકપણે વધુ જીવ શ્રીસંઘને બધાને તારા પોતાના ત્રણ શ્રીસંઘના કાર્યો કરતો જા અને સમૂહમાં ધર્મ કરતો જા. સહુના સુખે સુખી અને સુહના દુઃખે દુખી થઈને જીવીશ તો તારું બધું જ ઉત્તરોત્તર સારું જ થતું રહેશે. તેથી શાસનનું સંચાલન સુચારું થશે. સાધર્મિકો બળવાન થશે પૂ.સાધુ સાધ્વીજી ભવંતોની અમૂલ્ય સેવા કરવા મળશે જે તને ભવાંતરમાં'ય સુખી રાખી સિદ્ધિગતિ આપશે. તારા પોતાના માટે ય આફતોમાં તું અડોલ રહી શકીશ. પારાવાર લાભ છે. આ કર્તવ્ય પાલનમાં. 'કલિયુગમાં જે એકલો જીવે છે તે બધી જ રીતે હેરાન થઈને કુમૃત્યુને ભેટે છે.''

(૨) પરિઋસમન્તાત્ ઉપાશના= પર્યુપાશના ચારે બાજુથી સુકૃતોને = ઉપાસનાને ભેગું કરતો જા.

જીવનના કોઈપણ ક્ષેત્રે પુષ્ય ડગલેને પગલે જરૂર પડે છે. તેના વિના નથી જીવાતું કે નથી ટકી શકાતું તો આ પર્વના દિવસોમાં સહુથી (પૈસા)ની વધુ પુણ્યને કમાણી ડગલે-પગલે મળી રહે છે. તેમાં કોઈ શક રાખવાની જરૂર નથી. માત્ર ૮ દિવસ શક્ય હોય તો ૬૫

પ્રહરી પૌષધવ્રત તપસ્યાં સામાયિક, પૂજા આંગી પ્રતિક્રમણ, પ્રવચન શ્રવણ, શ્રી સંઘની ભક્તિ, સ્વામી વાત્સલ્ય, તપસ્વીઓને પારણાં, પ્રભાવના, જીવદયા, અનુકંપા, સાધારણની રકમ, રાત્ર ભાવના, ખાસ કરીને ગુરુભગવંતોની સેવા-સુશ્રૂષા કે તેમને ગમતી પ્રવૃત્તિ, સત્કાર્ય કરવાના સંકલ્પો, માતા-પિતાને અનુકૂળતા આપવી, નિયમિત દેવદર્શન-પ્રભુપૂજા, નવકારશી-ચોવિહાર અને ગુરુવંદના કરવાની પાપની સામે થોકબંધ જબદસ્ત પુણ્યપ્રવાહ પણ ચાલુ થઈ જાય તો કરેલો ધર્મ ક્યારેય નિષ્ફળ જતો નથી અને ફળ આપ્યાં વિના રહેતો નથી. બસ થોડા વધુ સમજીને 'જૈન'વો તો મીનીમમ નિયમો લઈને પુણ્ય વધારવાની પ્રવૃત્તિ અવશ્ય ચાલુ કરશો તો-તે સંકટ સમયની સાંકળ બનીને રહેશે.

(૩) પરિ ₹ સમન્તાત્ ૩પ(સમીપે) શમના ઈતિ પર્યુયશમનાઃ સાચા અને સારા મન વાળા થઈને જીવો

આપણે આપણા સુખ કે સ્વાર્થ ખાતર બીજાનો કે બાજુવાળાનો લગભગ વિચાર નથી કરતાં પરિણામે તમે ૧ વાર ખોટું કર્યું તો સામેવાળો કે કર્મ તમને ૧૦ વાર હેરાન કરશે અને તમે બીજાનું ખરેખર, સાચું કે સારું વિચારશો ખરેખર સારો ભાવ રાખશો તો કુદરત તમને સહાય કરશે જ. ટૂંકમાં બીજા માટે ખોટું ન બોલો કે ન કરો.

આમાં ધ્યાન એ રાખવાનું છે કે કોઈનો ભૂતકાળ કે વર્તમાન જોઇને Tit for Tet

જેવા સાથે તેવાં નથી થવાનું.